Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT,
ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX,
NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

JSW Colouron+ iSC durashine TATA SHAKTEE
ALEVATE
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ વદ દશમ, મંગળવાર ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૬૯

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

### ટ્રમ્પના માનીતા સર્જિયો ગોરે ભારત ખાતેના અમેરિકી રાજદૂત તરીકે અખત્યાર સંભાળ્યો, ફરી સંવાદિતા સ્થાપવાનો સંકેત આપ્યો

# અમેરિકા માટે ભારતથી વધુ મહત્વનું કોઈ નથી: રાજદૂત

**વેપાર** સોદા પર આજે મોટી બેઠક; ટ્રમ્પ આગામી એક-બે વર્ષમાં ભારતની મુલાકાતે આવે તેવા સંકેત

**મહત્વના** ખનિજો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) માટેના ગઠબંધન 'પેક્સ સિલિકા'માં જોડાવા ભારતને આમંત્રણ

**હોદ્દો** સંભાળતા જ સર્જિયો ગોરેએ કરેલી ટિપ્પણીને ટ્રમ્પ તંત્રના આવકારદાયક પ્રયાસ તરીકે ગણવામાં આવે છે

નવી દિલ્હી, તા. 12 : વણસેલા સંબંધોને ફરીથી સુધારવાના સંકેત આપતા, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દિલ્હી ખાતેના નવા રાજદૂતે સોમવારે જણાવ્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સ માટે ભારત જેટલો મહત્વનો બીજો કોઈ દેશ નથી. તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષો વેપાર સોદાને અંતિમ ઓપ આપવા માટે સક્રિયપણે રોકાયેલા છે.

પોતાના આગમન પ્રવચનમાં, સર્જિયો ગોરે મહત્વના ખનિજો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પર અમેરિકાના નેતૃત્વવાળા વ્યૂહાત્મક ગઠબંધન, જે 'પેક્સ સિલિકા' તરીકે ઓળખાય છે, તેમાં જોડાવા માટે નવી દિલ્હીને આમંત્રણ આપવાની જાહેરાત પણ કરી હતી. કામ શરૂ કર્યાના ગણતરીના કલાકોમાં જ કરવામાં આવેલી આ ટિપ્પણીઓને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલા એક આવકારદાયક પ્રયાસ તરીકે જોવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં ટ્રમ્પ

વહીવટીતંત્રે ટેરિફ અને H1B વિઝાના મુદ્દે ભારત પર દબાણ વધાર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભારત ખાતેના નવા અમેરિકી રાજદૂત તરીકે નિમાયેલા સર્જિયો ગોર અમેરિકી પ્રમુખ ટ્રમ્પના ખાસ માણસ છે અને ટ્રમ્પે તેમને ભારત ખાતેના રાજદૂત તરીકે પસંદ કર્યા છે.

અમેરિકી દૂતાવાસના કર્મચારીઓને સંબોધતા ગોરે કહ્યું, તમારી અને મારી પાસે

...અનુસંધાન પાના 15 પર



### ક્લાસિકલ ગીત સાથે સર્જિયો ગોરની ધમાકેદાર એન્ટ્રી

નવી દિલ્હીમાં અમેરિકી એમ્બેસી ખાતે આયોજિત એક સમારોહ દરમિયાન, સર્જિયો ગોરે સોમવારે ભારતમાં નવા યુએસ એમ્બેસેડર અને દક્ષિણ તથા મધ્ય એશિયા માટેના વિશેષ દૂત તરીકે ઔપચારિક રીતે કાર્યભાર સંભાળ્યો હતો. ભીડની વચ્ચે જે બાબત સૌથી વધુ ધ્યાન ખેંચનારી રહી, તે હતી તેમની અનોખી એન્ટ્રી, ખાસ કરીને ત્યારપછી ટ્રમ્પ-મોદી સમીકરણો પર તેમણે જે વાત કહી તેના સંદર્ભમાં. જ્યારે ગોર શપથ લેવા માટે પોડિયમ તરફ આગળ વધ્યા, ત્યારે બેકગ્રાઉન્ડમાં સેમ એન્ડ ડેવનું 1966નું ક્લાસિક સોલ સોંગ 'હોલ્ડ ઓન, આઈ એમ કમિંગ' વાગ્યું હતું, જેને દૂતાવાસમાં હાજર લોકોએ ઉત્સાહપૂર્વક વધાવી લીધું હતું. આઇઝેક હેયસ અને ડેવિડ પોર્ટર દ્વારા લખાયેલું આ ગીત તેની અપબીટ રિધમ અને કોરસ માટે જાણીતું છે, જે બિલબોર્ડ હોટ R&B ચાર્ટમાં ટોચ પર રહ્યું હતું. આ સમારોહ નવી દિલ્હીમાં ગોરના કાર્યકાળની ઔપચારિક શરૂઆત છે. આ નિમણૂક એવા સમયે થઈ છે જ્યારે ભારત-અમેરિકા સંબંધોમાં તણાવ જોવા મળી રહ્યો છે.

## પીએમ મોદી અને જર્મનીના ચાન્સેલરે સાથે પતંગ ચગાવ્યા

**નરેન્દ્ર** મોદી અને ફ્રેડરિક મર્ઝે રિવર ફ્રન્ટ પર કાઇટ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યો

અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ (IKF) ૨૦૨૬'નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ખાસ અતિથિ તરીકે જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ પતંગ ચગાવીને આ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. જે ભારત અને જર્મની વચ્ચેના મજબૂત રાજદ્વારી સંબંધો અને મિત્રતાની પ્રતિબદ્ધતાને દર્શાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ જર્મન ચાન્સેલર મર્ઝે ખાસ તૈયાર કરવામાં આવેલી અમદાવાદની પોળ અને હવેલીની સ્થાપત્યકલાની પ્રતિકૃતિની મુલાકાત લીધી હતી.

ઉત્તરાયણ માત્ર પતંગબાજી

...અનુસંધાન પાના 15 પર



### ૫૦ જેટલા દેશોના પતંગવીરો આ મહોત્સવમાં કલા પ્રદર્શિત કરી રહ્યા છે

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬માં અલ્જેરિયા, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બેલારુસ, બેલ્જિયમ, બ્રાઝિલ, બલ્ગેરિયા, કંબોડિયા, કેનેડા, ચિલિ, ચાઇના, કોલંબિયા, કોસ્ટારિકા, ડેન્માર્ક, ઇજિપ્ત, ફ્રાન્સ, જર્મની, ક્રિશ, ગ્વાટેમાલા, હંગેરી, ઈન્ડોનેશિયા, આયર્લેન્ડ, ઈઝરાયેલ, ઇટલી, જાપાન, દક્ષિણ કોરિયા, લેબેનોન, લિથુનિયા, મલેશિયા, મોરેશિયસ, મેક્સિકો, ન્યૂઝિલેન્ડ, ફિલિપાઇન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રશિયા, સિંગાપોર, સ્લોવેકિયા, સાઉથ આફ્રિકા, સ્પેન, શ્રીલંકા, સ્વિડન, થાઇલેન્ડ, તુર્કમેનિસ્તાન, યુક્રેન, યુ.કે., યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, વિયેતનામ, સ્લોમેનિયા, બહેરિન, નેપાળ, મેક્સિકો, તૂર્કી, જોર્ડન સહિતના કુલ ૫૦ જેટલા દેશોના પતંગવીરો ભાગ લઈ રહ્યા છે.

## દિલ્હી ડાયરી



### 28 વર્ષથી લટકેલો મુદ્દો કલાકોમાં જ ઉકેલાઈ ગયો!

તાજેતરમાં યોજાયેલી કેબિનેટ બ્રીફિંગ બાદ દૂરદર્શનના બે નિવૃત્ત કેમેરામેનને લાંબા સમયથી અટકેલી રાહત મળી. ૧૯૯૭થી ચાલી આવતી તેમની પગાર સંબંધિત સમસ્યા, કેબિનેટ બેઠકમાં લેવાયેલા નીતિગત નિર્ણયને કારણે નહીં, પરંતુ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવની પીડિત મીડિયા-કર્મચારીઓ સાથેની બ્રીફિંગ બાદ થયેલી વાતચીત દરમિયાન ઉકેલાઈ ગઈ.

બે પીડિત કેમેરાપર્સનમાંથી એક, દેવેન્દ્ર શર્માએ વૈષ્ણવનો સંપર્ક કરીને તેમની ફરિયાદ રજૂ કરી અને મંત્રીએ હાજર અધિકારીઓને સ્થળ પર જ આ બાબતનો ઉકેલ લાવવા નિર્દેશ આપ્યો. દૂરદર્શનના બન્ને નિવૃત્ત કેમેરાપર્સનના સુધારેલા પગાર ઓર્ડર તે જ દિવસે કલાકોમાં જારી કરવામાં આવ્યા હતા.

આ કેસમાં ૧૯૯૭ના સીસીએસ (સુધારેલા પગાર) નિયમોના નિયમ-૮ ના યોગ્ય અમલીકરણ સાથે સંકળાયેલો હોવાનું બહાર આવ્યું હતું. બંને ભૂતપૂર્વ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના બદલાવ દરમિયાન વધારાનો પગાર મળવાનો હતો.

મંત્રી તરફથી આ પ્રશંસનીય

...અનુસંધાન પાના 15 પર

તા.૧૨-૦૧-૨૦૨૬નું વડોદરા શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૮° સે. | ૧૪.૨° સે. | ૩૧% |

### ઇસરોનું PSLV-C62 રોકેટ ઉડ્ડયન માર્ગથી ફંટાયું, ભ્રમણકક્ષા ચુકી ગયું

# ઈસરોનું 2026નું પ્રથમ મિશન નિષ્ફળ: 16 ઉપગ્રહો અવકાશમાં ખોવાયા

**એક** વિદેશી ભૂનિરીક્ષણ ઉપગ્રહ સહિત ૧૬ ઉપગ્રહો અવકાશી કાટમાળ બનીને તરતા રહેશે

DRDOનો જાસૂસી ઉપગ્રહ 'અન્વેષા' પણ અવકાશમાં ગુમ; ત્રીજા તબક્કાની ખામી ફરી એકવાર નડી

**સતત** બીજી વખત પીએસએલવી રોકેટમાં આ પ્રકારની નિષ્ફળતા

શ્રીહરિકોટા(આંધ્રપ્રદેશ), તા. ૧૨(પીટીઆઇ): ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)એ આજે જણાવ્યું હતું કે, એક વિદેશી અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ સહિત 16 ઉપગ્રહોને અવકાશમાં લઈ જઈ રહેલા PSLV-C62 રોકેટમાં ખામી સર્જાઈ હતી, જે આ મિશન નિષ્ફળ ગયું હોવાનો સંકેત આપે છે.

અવકાશ એજન્સીના અધ્યક્ષ વી. નારાયણણે જણાવ્યું હતું કે, જ્યારે રોકેટના ત્રીજા તબક્કા દરમિયાન સ્ટ્રેપ-ઓન મોટર્સ વાહનને નિર્ધારિત ઊંચાઈ સુધી પહોંચાડવા માટે વેગ આપી રહી હતી, ત્યારે રોકેટમાં ખામી અને ત્યારબાદ ફ્લાઈટ પાથ (ઉડાન માર્ગ) માં વિચલન જોવા મળ્યું હતું. તેમણે ઉમેર્યું કે આનું કારણ શોધવા માટે વિગતવાર વિશ્લેષણ શરૂ કરવામાં આવ્યું છે. ઈસરોના સૂત્રોએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ઉપગ્રહોને નિર્ધારિત ભ્રમણકક્ષામાં સ્થાપિત કરવાનું લક્ષ્ય

...અનુસંધાન પાના 15 પર

### ત્રીજા તબક્કે મોટર પ્રેશરની સમસ્યા સર્જાઇ હોવાની શક્યતા

જ્યારે રોકેટને નિર્ધારિત ઊંચાઇ સુધી પહોંચાડવા માટે ઉડ્ડયનના ત્રીજા તબક્કા દરમિયાન સ્ટ્રેપ-ઓન મોટર્સ થ્રસ્ટ (ધક્કો) આપી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. મોટર પ્રેશરની સમસ્યા સર્જાઇ હોવાની અને ચેમ્બરમાં પુરતુ દબાણ ઉત્પન્ન ન થઇ શક્યું હોવાની શક્યતા છે. અંતરિક્ષ એજન્સીના અધ્યક્ષ વી. નારાયણને જણાવ્યું હતું કે કારણ શોધવા માટે વિગતવાર વિશ્લેષણ શરૂ કરવામાં આવ્યું છે.



### અવકાશમાં ગુમાવાયેલા ઉપગ્રહોમાં અન્વેષા સહિતના કેટલાક મહત્વના સેટેલાઇટ હતા

વિદેશી ભૂનિરીક્ષણ ઉપગ્રહ યુકે અને થાઇલેન્ડે સંયુક્ત રીતે બનાવ્યો હતો

ખોવાયેલા ઉપગ્રહોમાં DRDOનો 'અન્વેષા' (Anvesha) સામેલ હતો, જે લગભગ 500 કિમીની ઊંચાઈએથી શત્રુ સૈન્યની હિલચાલ જાણવા માટેનો એક વ્યૂહાત્મક 'સુપર-આઈ' (Super-

...અનુસંધાન પાના 15 પર

### PSLV એ ISROનું વર્કહોર્સ લોન્ચ વ્હીકલ છે

PSLV એ ISROનું વર્કહોર્સ લોન્ચ વ્હીકલ મનાય છે, જેણે અત્યાર સુધીમાં 63 ઉડાન પૂર્ણ કરી છે. જેમાં ચંદ્રયાન-1, માર્સ ઓર્બિટર મિશન (મંગળયાન), આદિત્ય-L1 અને એસ્ટ્રોસેટ મિશન જેવા નોંધપાત્ર અભિયાનોનો સમાવેશ થાય છે. વર્ષ 2017માં, PSLV એ એક જ મિશનમાં 104 ઉપગ્રહો લોન્ચ કરીને વિશ્વ રેકોર્ડ સ્થાપ્યો હતો.

### સતત બીજી વખત એક જ પોઈન્ટ પર ટેકનિકલ ખામી

**મે 2025** અને જાન્યુઆરી 2026: બંને મિશનમાં પ્રથમ બે તબક્કા સફળ રહ્યા પણ ત્રીજા તબક્કે બાજી બગડી

શ્રીહરિકોટાઃ ભારતીય અવકાશ એજન્સી ઈસરો (ISRO) માટે PSLV-C62 મિશનની નિષ્ફળતા ચિંતાનો વિષય બની છે, કારણ કે આ સતત બીજી ઘટના છે જ્યાં રોકેટ તેના ત્રીજા તબક્કા દરમિયાન નિષ્ફળ ગયું છે. મે 2025 માં પણ PSLV-C61 મિશનમાં સમાન સ્થિતિ સર્જાઈ હતી. ગયા વર્ષે મે મહિનામાં થયેલી મિશન નિષ્ફળતા અંગે પણ નારાયણણે જણાવ્યું હતું કે એન્જિનના કમ્બશન ચેમ્બરમાં અનપેક્ષિત દબાણ ઘટવાને કારણે સમસ્યા સર્જાઈ હતી. જોકે, આ માટે રચાયેલી 'ફેલ્યોર એનાલિસિસ કમિટી' (FAC) નો રિપોર્ટ હજુ સુધી સાર્વજનિક કરવામાં આવ્યો નથી.

## ચૂંટણી પંચની 'વીરતા': દેશના નિવૃત્ત નેવી ચીફને ઓળખ માટે હાજર થવાની નોટિસ!

**અગાઉના** ફોર્મમાં વિગતો અપૂર્ણ હોવાથી ઓળખ સ્થાપિત કરવાની નોટિસ જારી કરાઇ 1971ના યુદ્ધના હીરોને સુનાવણી માટે તેડાવતા સોશિયલ મીડિયા પર આક્રોશ;

**જો** કે બાદમાં ચૂંટણી અધિકારીઓએ ખુલાસો કર્યો કે ફોર્મ પૂર્ણ કરાયું છે અને હવે અરૂણ પ્રકાશે હાજર થવાની જરૂર નથી\

**આ** ઘટનાને પગલે લોકો ચૂંટણી પંચની ઝાટકણી કાઢી રહ્યા છે

પણજી, તા. ૧૨: ગોવામાં ચાલી રહેલી મતદારયાદીની સઘન ચકાસણીની પ્રક્રિયા(SIR) દરમ્યાન નૌકાદળના ભૂતપૂર્વ વડા એડમિરલ(નિવૃત) અરૂણ પ્રકાશને તેમની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ચૂંટણી તંત્ર તરફથી નોટિસ ફટકારવામાં આવી છે અને તેમને પંચ સમક્ષ સુનાવણી માટે હાજર થવા કહેવાયું છે! આ નોટિસ પછી ચૂંટણી પંચની ભારે ટીકા થઇ રહી છે.





૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધના હીરો અને વીર ચક્ર વિજેતા ૮૧ વર્ષીય એડમિરલ પ્રકાશને મળેલી નોટિસે સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાઓ જગાડી

...અનુસંધાન પાના 15 પર

## ભારતના વાંધા પછી શાક્સગામ ખીણ પર ચીને પોતાનો દાવો દોહરાવ્યો

**આ** અમારો વિસ્તાર છે અને તેમાં અમારા દ્વારા કરાતા બાંધકામ સામે વાંધો ઉઠાવી શકાય નહીં

**શાક્સગામ** ઘાટીને પોતાનો પ્રદેશ ગણાવી તેમાંના ચીની બાંધકામો સામે ભારતે શુક્રવારે વાંધો ઉઠાવ્યો હતો

બૈજિંગ, તા. ૧૨(પીટીઆઇ): ભારતે ઉઠાવેલા વાંધાઓ વચ્ચે ચીને સોમવારે શાક્સગામ ઘાટી પર પોતાના પ્રાદેશિક દાવાઓને પુનરોચ્ચારતા ભારપૂર્વક જણાવ્યું હતું કે આ વિસ્તારમાં ચીની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ વાંધાઓથી પર છે.

ગયા શુક્રવારે ભારતે શાક્સગામ ઘાટીમાં ચીનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સની ટીકા કરતા કહ્યું હતું કે, આ ભારતીય પ્રદેશ હોવાથી તે પોતાના હિતોની રક્ષા માટે જરૂરી પગલાં લેવાનો અધિકાર અનામત રાખે છે. પાકિસ્તાને તેના દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા વિસ્તારોમાંથી ૧૯૬૩માં શાક્સગામ ઘાટીમાં ૫,૧૮૦ ચોરસ કિમી ભારતીય પ્રદેશ ગેરકાયદેસર રીતે ચીનને સોંપી દીધો હતો. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે જણાવ્યું હતું કે, "શાક્સગામ ઘાટી એ ભારતીય પ્રદેશ છે. અમે ૧૯૬૩માં હસ્તાક્ષર

...અનુસંધાન પાના 15 પર